# Atmaj

# Academic Research Journal

An International Peer-Reviewed Research Journal

ISSN: 2348 - 9456

Impact Factor 5.880





**Volume-21, Issue -9, Jan.-June - 2024**

**Editor-In-Chief**

**Dr. Dilkhush Patel**


Scanned with CamScanner

Volume – 21 Issue – 9, Jan.– June - 2024
ISSN: 2348-9456
Impact Factor: 5.880

## EDITORIAL BOARD

### Editor – in - Chief

Dr. Dilkhush U. Patel
Principal
V.N.S. Bank Ltd. Arts and Commerce College
Vadnagar 384355

## Executive Publisher & Managing Editor

Dr. Dilkhush U. Patel
Chief Editor & Publisher
Vadnagar
Gujarat (India)

## Associate Editor

Dr. Prakash R. Patel
Associate Professor and Head
Department of Economics
V.N.S. Bank Ltd. Arts and Commerce College

Dr. Dinesh N. Patel
Assistant Professor and Head
Department of Commerce
V.N.S. Bank Ltd. Arts and Commerce College

## Advisory Editors

Prof. (Dr.) Nirnjan P. Patel
In-charge Vice Chancellor
Sardar Patel University, V.V.nagar

Dr. D. B. Rathva
Professor and Head
Department of Sanskrit and Bharatiya Vidya
Hemchandracharya North Gujarat University, Patan

Dr. M. J. Viradiya
Department of Sanskrit
Smt. A. P. Arts and N. P. Patel Commerce College, Naroda



Scanned with CamScanner

Volume – 21 Issue – 9, Jan.– June - 2024

ISSN: 2348-9456
Impact Factor: 5.+.

## From the Editors Desk

We are indeed glad to announce volume 21, issue 9 of an international journal. **Atmaj Academic Research Journal (AARJ): An International Peer-Reviewed Research Journal** is developed with the aim to assist researchers to grow at all levels – research scholars, scientists, professors, post-docs and students who are seeking publishing opportunities for their research work.

The journal's aim is to publish a broad ranging open access journal Fast and efficient online submission, rapid publication High visibility, Expert peer-reviewed research that will serve to create innovative information of the human dimension to disseminate in the society and has an International repute.

We are registered; abstracted and Indexed reputed Print Journal.

AARJ Journals is equally interested in the Arts, Commerce, Science, Education, and Biological, Pharmaceutical and Chemical technological and industrial viewpoints, other academic areas which focuses especially on interdisciplinary and multidisciplinary fields.

AARJ Journal is inviting you to submit a manuscript to the following journals, which provides envisioned to publish high-quality, peer-reviewed research, reports, review articles, technical briefs, Software review, algorithm review, datasets briefs, product news, company news, thesis report, book review and case study in all areas mentioned above that will serve to create a holistic understanding of the human dimension in these society. We are inviting authors to send for the same".

Editor-In-Chief,

**Dr. Dilkhush U. Patel**

Associate Editors

**Dr. Prakash R. Patel**
**Dr. Dinesh N. Patel**

Scanned with CamScanner

Volume – 21 Issue – 9, Jan.– June - 2024

ISSN: 2348-9456
Impact Factor: 5.880

## Content of the Table


| Sr. No. | Title of the Paper | Author | Page No. |
|---|---|---|---|
| 1 | वर्तमान की पर्यावरणीय समस्याओं का संस्कृत वांग्मय में समाधान। | Dr.Hansaben Balabhai Gujariya | 1 |
| 2 | આર્ટસ, કોમર્સ અને સાયન્સ વિભાગની વિદ્યાર્થીનીઓમાં સામાજિક સમાયોજન અને માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ | ભાવના સી. વાંઝા | 8 |
| 3 | तुलनात्मक साहित्य पर आलोचनात्मक प्रतिक्रियाएँ | प्रा. डॉ.मुकेशकुमार ए.कांजिया | 16 |
| 4 | માનસિક સ્વાસ્થ્ય માટે રમતગમત, શારીરિક શિક્ષણ અને યોગની ભૂમિકા | Dr. Nileshbhai R. Patel | 22 |
| 5 | India's Journey to Becoming a Developed Country: VIKSIT BHARAT - 2047 | RENUKA B. CHAVDA | 27 |
| 6 | હોસ્પિટલના સ્ત્રી કર્મચારીઓનો વ્યાવસાયિક મનોભારનો અભ્યાસ | Dr MEGHANA R.PATEL | 31 |
| 7 | NEP 2020: Physical Education an Overview | PUJARA RUTVI HITESHBHAI | 35 |
| 8 | Social Commerce: A Comprehensive Review of Social Media's Role in E -Commerce | Prashant Kachhela | 38 |
| 9 | Top Ten Innovative Methods in Teaching English Language | Ms. Manisha Oza | 43 |
| 10 | ભારતીય સંસ્કૃતિ : વિવિધતામાં એકતા | ડો. મીનાક્ષીબેન આર. પટેલ | 48 |
| 11 | Effect of Pranayama and Meditation Training on Anxiety of College Student | Dr. Rachnaben N. Patel | 51 |
| 12 | 'વસુધૈવ કુટુમ્બકમ' - પ્રાચીન ભારતનો વારસો | DR. POOJABEN HARENDRABHAI THAKER | 54 |
| 13 | Contribution of Tourism Industry in Indian Economy: an Analysis | Dr. Odedara Haja D. | 57 |
| 14 | Family Structures and Dynamics in the 21st Century: Trends, Challenges, and Implication | Dr. Tnuja R. Kalola | 62 |
| 15 | Strengthening Social Innovation Ecosystem through Business Management | Dr. Supriya Korgaokar | 65 |
| 16 | Value Build-up Through Sports and Physical Education | Dr. Tauseef I. Pathan | 70 |
| 17 | Youth Problem Among Adolescents: A Study with Reference to Educational Level, Gender and Residential Area. | DR.VARSHA V. DHOLARIYA | 73 |
| 18 | Karan Ghelo: Translating a Gujarati Classic of Love and Passion, Revange and Remorse | Anuja B Patel | 77 |
| 19 | A COMPARATIVE STUDY OF MENTAL HEALTH OF GOVERNMENT & PRIVATE TEACHER | Dr. Tejal B. Nasit | 81 |
| 20 | A Study of Literature Review on Goods and Services Tax (GST) in India | Pushpa Vaghela | 84 |




Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| 21 | महाप्राण निराला का हिंदी साहित्य में स्थान | डॉ. मनीषा आर जोगीया | 88 |
| 22 | લોકકથા અને સાહિત્ય | જોશી રાધિકાબેન હરેશભાઈ | 92 |
| 23 | આધુનિક સમયની જરૂરિયાત: માનસિક સ્વાસ્થ્ય | હીનાબેન મકવાણા | 95 |
| 24 | શહેરીકરણ અને પર્યાવરણ પર તેની અસરો | Dr. RAJESHBHAI NATHUBHAI RATHOD | 98 |
| 25 | ચૌધરી સમાજ એકડા(સુધારા) પરિષદ અને બનાવો | પ્રા.ડૉ.નીમુબેન સોમાભાઈ ચૌધરી | 105 |


Scanned with CamScanner

Volume – 21 Issue – 9, Jan.– June - 2024
ISSN: 2348-9456
Impact Factor: 5.880

# ચૌધરી સમાજ એકડા(સુધારા) પરિષદ અને બનાવો

પ્રા.ડૉ.નીમુબેન સોમાભાઈ ચૌધરી
આ.સિ.પ્રો.ઈતિહાસ વિભાગ-અધ્યક્ષ
સ.વિ.વા.અને વિજ્ઞાન કોલેજ,ખેરગામ

આ લેખમાં આલેખેલો બધો ઈતિહાસ એ ભવ્ય અને રાષ્ટ્ર પ્રબોધન તથા ત્યાગ-સેવાનો છે. માત્ર ચૌધરી સમાજ પુરતું સીમિત એવું તેનું સ્વરૂપ નથી એ નોંધપાત્ર છે. રાષ્ટ્રના ઈતિહાસમાં સમાજનો ફાળો દુર્લભ છે. પ્રસ્તુત આ લેખમાં ચૌધરી જ્ઞાતિ અંગેના સુધારાઓને લગતું છે, પણ એ માત્ર કોઈ એક સામાન્ય પંચના ધારાધોરણો કે બનાવોનો ઈતિહાસ નથી રાષ્ટ્રના ઈતિહાસ સાથે સંમલિત થઈને સ્વતંત્રતા ચળવળનાં આંદોલનના પ્રણેતાએ આ માટે વારંવાર પ્રેરણા અને પીયૂષે આવ્યા છે. એટલુંજ નહિ સમાજના અદના કાર્યકરોએ પણ ત્યાગ અને શહીદીની સીમા વટાવીને સમાજસેવાનું કફન માથે બાંધ્યું હતું. આજે એ કાર્યકરોએ અન્યાય સામે જે ધૈર્યથી કમર કસી હતી, તેનો આલેખ માત્ર ઈતિહાસ નથી આ સમાજના ધમનીઓમાં વહેતું તે રાષ્ટ્રીય પ્રબોધાનનું પાથેય ગણી શકાય. આલંકારિક શબ્દોનો વ્યાપાર નહિ કરીયે તો પણ એ ગાથા અમર છે અને સમાજની પ્રગતિ, સ્વતંત્રતા તથા સુધારાઓ માટે કેવું શ્રમ કરવું પડે તેનો જીવતો જાગતો ચિતાર છે. રાષ્ટ્રપુરૂષોના આશીર્વાદ તેને મળેલા છે; આ કેવળ જ્ઞાતિમાં બંદિસ્ત નથી એ બતાવે છે કે સંઘર્ષ કે સમસ્યાઓ માત્ર થતા નથી; અહી આલેખેલ છ બનાવો તથા સાંપ્રત સમયમાં આગળ આવતી સમસ્યાઓનો ચિતાર મેં અભ્યાસમાં નોંધાવાનો પ્રયાસ કર્યો છે.

સને ૧૯૦૦ના છપ્પનિયા દુકાળમાંથી જેમ-તેમ બચેલા પણ આર્થિક અનાજ પાણીમાં ખલાસ થઇ ગયેલા, ભૂખથી બેવડ વળી ગયેલા એવા ગરીબ લાચાર લોકોને શાહુકારોએ અને જમીનદારોએ લૂંટી લેવાનો મારો ચલાવ્યો. પારસીઓએ દારૂ-તાડી પાઈને બરાબર છાકટા(શરાબી) બનાવી લૂંટવાનો દોર ચલાવ્યો. જોતા જોતામાં ગરીબ અને અજ્ઞાન લોકોની મિલકતો પાણીના મૂળે અંગુઠા પડાવી-પડાવીને આંચકી લીધી અને દેવામાં તથા દારૂમાં ડુબાડી દીધા.

થોડું શિક્ષણ પામેલા એવા કેટલાક આગેવાનો આવા દુષ્કૃત્યો જોઈને વેઠીને સમસમી ઊઠ્યા. એવા આગેવાનો સને ૧૯૦૩માં વેડછી મુકામે ભેગા મળ્યા. આવા સમાજના રંજાડને અટકાવવા શું શું પગલા લેવા અને કેવા પ્રકારના સુધારા કરવા તે વિશે વિચારણા કરવામાં આવી તેને 'એકડા' કર્યા એમાં કહેવામાં આવ્યું. "એકડા એટલે સુધારો" ૧

એકડા (સુધારો):

સને ૧૯૦૩માં પ્રથમ એકડા કરવામાં આવ્યાં. તેમાં ચૌધરી જ્ઞાતિના આગેવાનો ઉપરાંત ગામિત, ધોડિયા જાતિના આગેવાનોએ પણ ભાગ લીધો. શરૂઆતના આગેવાનો શ્રી જીવણભાઈ ભગત (વેડછી), શ્રી દેવીયા ભગત (ધાટા), પાણીયા ભગત (બાલ્દા), શ્રી નારણભાઇ પટેલ (આંબિયા), શ્રી કોટલાભાઈ મહેતા(ડોલવણ), શ્રી નથ્થુભાઈ જાગીરદાર (નળધરા) વગેરે.

ઈ.સ.૧૯૧૧માં બીજા એકડા કરવામાં આવ્યાં. પહેલા કરતા બીજા એકડામાં આગેવાનોની સંખ્યા વધી. એ એકડામાં વૈદિક ધર્મ અને શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવ્યો. ધર્મશાસ્ત્રોની અને સમાજસુધારાની વાતો કરવા માટે વારંવાર જુદા જુદા સ્થળે ભેગા થવા લાગ્યા અને સંસાર સાગર તરવા માટે ગુરુની જરૂર છે. 'ગુરુ વિના નગુરા' એવા વૈદિક ધર્મશાસ્ત્રની સમજથી શ્રી જીવણભાઈ ભગતે સને ૧૯૧૫માં પ્રથમ કંઠી બાંધી તેમની સાથે અનેક આગેવાનો પણ જોડાયા. સને ૧૯૨૧-૨૨માં પૂર્વ તરફથી દેવીનો પવન ફૂંકાયો. જોતા જોતામાં ગામે ગામ લોકો ધૂણી ઊઠ્યાં. ભાઈ ધૂણે તે ગોવાળિયો અને બેન ધૂણે તે કુરેલી કહેવાય. તે જ સમયગાળા દરમિયાન બંગાળમાં સરલાદેવી

ચૌધરાણી સુધારાની જોરશોરથી હિલચાલ ચલાવી રહી હતી તેનો પવન અહીં સુધી આવી પહોંચ્યો તો નવાઈ નહિ. લોકો ધૂણવા લાગ્યા અને ગાવા લાગ્યા. સરલાદેવી આવી ઘણું મજાનું લાવી મારા ભાઈઓ દેવીની સાચી વાત છે ચમત્કાર એવા ધૂણવાનાં અને તેના ઉપદેશથી લોકોમાં નવચેતના આવી. ગામે ગામના લોકો ભંડારામાં ભેગા થવા લાગ્યા. ભંડારા એટલે ધૂણવાની પવિત્ર ભૂમિ ત્યાં બધા વર્જેલા લોકો જ જઈ શકે. જે લોકો મેળામાં ગયાં તેમણે માંસ મચ્છી, દારૂ-તાડી છોડી મૂક્યા. ડાકણ, ભૂત-પ્રેત, મેલીવિદ્યા વગેરે ખોટા વહેમો કાઢી નાંખ્યા સમાજજનોએ આવા ઉપદેશને ઉમળકાભેર વધાવી લીધો અને નવા સુધારાઓની સમજ મેળવવા માટે ભંડારાઓમાં ભેગા થવા લાગ્યા. લાગ-લગાટ સતત પંદર દિવસ સુધી આવા ઉપદેશ મેળા ઊભરતા રહ્યાં. લોકોમાં અનેરી જાગૃત્તિ આવી સમાજમાં નવું પરિવર્તન જોવા મળ્યું. જાણે એકાએક નવો પવન-નવું પ્રબળ આવ્યું.

દરેક જણ નાઈ-ધોઈ પોતપોતાના ઘર લીપીગુપી સાફસૂફી કરી ચોખ્ખા બનાવી જે માટીના જૂના વાસણો હતા તે તમામ ઘર બહાર કાઢી નાંખ્યાં અને અને નવા જ વસાવી દીધા. કાડલા, દોળડા, ચૂલા વગેરે નવા જ વસાવી લીધા. ઘરે ઘર કણથી ભરેલી માટલી મૂકી કોડિયામાં ઘીનો દીવો પ્રગટાવ્યો. દરેક સમાજ ઉપદેશ મેળામાં તો ગયા જ પણ છેલ્લે દિવસે પોતાના ઘરના બારણાં કોઠી ખુલ્લા રાખી ઢોર સહિત એક એક માણસ ભંડારામાં ગયા. વર્જેલા તમામ સમાજજનોએ સામૂહિક પ્રતિક્ષા લીધી. સમાજ પ્રત્યેની નિષ્ઠા વધી અંતે લોકો પોતાનાથી થાય એટલી મદદ આપવા લાગ્યા-પ્રબોધન

પ્રતિજ્ઞા...........

(૧) આજથી અમે દારૂ-તાડી જેવા દોષિત પીણાનો ઘરમાં, દેવપૂજામાં, વારે તહેવારે કે દવા વગેરેમાં કદી ઉપયોગ કરીશું નહિ, અડીશું નહિ.

(૨) ડાકણા, ભૂત-પ્રેત વગેરેમાં માનીશું નહિ.

(૩) ખોટા વહેમોમાં ફસાઈને દાણા મુઠી, ઉતારા ભક્તાઈ, બાધા, દોરા, ઘણા ખળીમાં પણ ખોદવા, ઓળવા વગેરે માટે નાહ્યા-ધોયા વિના જઈશું નહિ.

(૪) આજે લીધેલી પ્રતિજ્ઞા જીવન પર્યંત પાળીશું. 'બોલો સરલા દેવી કી જય'

પરિષદો:

**પ્રથમ પરિષદ: ગાંધીજીનો પવન**

દેવીના પવનની સાથે જ ગાંધીનો પવન શરૂ થયો. સન ૧૯૨૧-૨૨માં પ્રથમ કાળીપરજ પરિષદ, મહુવા તાલુકાના શેખપુર મુકામે થઇ. પૂજ્ય કસ્તુરબા તે પરિષદનાં પ્રમુખ હતા. તેમણે પૂજ્ય ગાંધીજીના ઉપદેશની સમજણ આપી ખોટા રીત-રિવાજો તથા માન્યતાઓ, ખોટા વહેમો અને ખોટા ઘરેણાં કાઢી નાંખવા તેમજ દારૂ-તાડી અને માંસાહર છોડી પવિત્ર બનવાની સલાહ આપી.

**બીજી પરિષદ: પવિત્ર જીવનની દિશા**

ઈ.સ.૧૯૨૪માં વેડછી મુકામે બીજી પરિષદ થઇ તે પરિષદના પ્રમુખ પૂ.ગાંધીજી હતા. એમાં પણ ગાંધીજીએ વ્યસનો છોડી પવિત્ર જીવન જીવવાનો ઉપદેશ આપ્યો. તેમણે પણ ખોટા ઘરેણાં કાઢી નાંખવા અને દારૂ-તાડી જેવા વ્યસનો છોડી રેટિયો કાંતવાનો ઉપદેશ કર્યો. તે જ વર્ષે પહેલ વહેલા શ્રી જીવણ ભગતે પોતે કાતી-પીંજી બનાવેલા ખાદીના જાડા કપડાં પહેરી જાતે કાંતેલી આંટીના હારથી પૂ.બાપુનું સ્વાગત કર્યું. પૂ.ગાંધીજીનો ઉપદેશ ચમત્કાર હોય તેમ લોકોમાં અસર કરવા લાગ્યો. વેડછીમાં ઘરે ઘર પીંજણ અને રેંટિયા ગુંજી ઊઠ્યા. બીજી બાજુ ભક્તિ મંડળનો ફેલાવો ગામે ગામ થવા લાગ્યો. શિક્ષક તથા બીજી નોકરી કરતાં આગેવાનોએ પોતાની નોકરીઓ ફગાવી દીધી અને પોતાનો પૂરો સમય સમાજ સેવામાં જ વિતાવા લાગ્યા. સમાજને પ્રગતિના પંથે આગળ વધારવા માટે રાત અને દિવસ એક કરવા લાગ્યા એવા આગેવાનો અને મૂળ સુધારકો નીચે મુજબ હતા જેમણે સમાજમાં પ્રગતિ



Scanned with CamScanner

ISSN: 2348-9456
Impact Factor: 5.880

…માટે આગળ પડતો ભાગ ભજવ્યો. આજે ઐતિહાસિક લાગે એવી આ ચળવળ સમાજના પરિવર્તનમાં પણ પાયાનું કામ કરી ગઈ. તેનું મૂલ્યાંકન અનેક વિદ્વાનો અને સમાજ સુધારકોએ કર્યું છે

શ્રી જીવણભાઈ બાબરભાઈ -શિક્ષક-વેડછી,તા.વાલોડ
શ્રી કોટલાભાઈ મહેતાભાઈ – નિ.શિક્ષક-ડોલવણ, તા.વ્યારા
૩) શ્રી સોનાજીભાઈ ભગત – રેલ્વેમેન-ખેડપુર, તા.માંડવી
૪) શ્રી વેસ્તાભાઇ ભગતભાઇ હળપતિ-શિક્ષક-રાનવેરી, તા.વાલોડ
૫) શ્રી ગોપાલભાઈ ભગતભાઇ હળપતિ-ચાકર-રાનવેરી,તા.વાલોડ
૬) શ્રી ગોવિંદભાઈ ભગતભાઇ હળપતિ - ચાકર-રાનવેરી,તા.વાલોડ
૭) શ્રી કીકાભાઇ નેમાભાઈ ચૌધરી – સી.શિક્ષક-ધામોદલા, તા.વાલોડ
૮) શ્રી માધુભાઈ આર.ચૌધરી-શિક્ષક, સુરાલી, તા.બારડોલી
૯) શ્રી મારવાડીભાઈ ચૌધરી-શિક્ષક-કાકડવા, તા.માંડવી
૧૦) શ્રી વનમાળીભાઈ આર.ચૌધરી- શિક્ષક-સુરાલી, તા.બારડોલી
૧૧) શ્રી [illegible]ગીભાઇ આર.ચૌધરી –શિક્ષક- ઘંટોલી, તા.માંડવી
૧૨) શ્રી ખુશાલભાઈ સોંધાભાઈ ચૌધરી – શિક્ષક-વેડછી, તા.વાલોડ
૧૩) શ્રી ગોમાજીભાઈ બાલાભાઈ ચૌધરી-શિક્ષક-વેડછી, તા.વાલોડ
૧૪) શ્રી મકનભાઈ કોટાભાઈ -શિક્ષક-વેડછી, તા.વાલોડ
૧૫) શ્રી નારણભાઈ બાબરભાઈ પટેલ-પોલીસ પટેલ-આંબિયા,તા.વ્યારા
૧૬) શ્રી રાવસિંહજીભાઈ હાંસજીભાઈ ચૌધરી – શિક્ષક –ઉમરવાવ દૂર-તા.વ્યારા
૧૭) શ્રી કોથાભાઈ રધાભાઈ ચૌધરી – પોલીસ પટેલ-બાલ્દા, તા.બારડોલી
૧૮) શ્રી કનુભાઈ જીવણભાઈ ચૌધરી - શિક્ષક-વેડછી, તા.વાલોડ
…) શ્રી પાનીયાભાઈ ભગતભાઇ ગામિત-પોલીસ પટેલ- બાલ્દા, તા.બારડોલી
…) શ્રી દેવીયાભાઈ ભગતભાઇ ગામિત – સદાવતી ખેડૂત-ઘાટા, તા.વ્યારા
…) શ્રી નથ્થુભાઈ જાગીરદાર –નળધરા, તા.મહુવા
…) શ્રી મોતીભાઈ નાસલાભાઈ –સુથાર-રૂપવાડા,તા.વ્યારા
…) શ્રી [illegible]ભાઈ લાછણીયાભાઈ – સુપરવાઈઝર સહકારી મંડળી –ગડત, તા.વ્યારા
શ્રી જીવણસિંહ વળવી-શિક્ષક-ખુતાડીયા,તા.વ્યારા
શ્રી ઉકાભાઈ ગોવિંદભાઈ –શિક્ષક-નવી કાંજણ
શ્રી જગાભાઈ રામજીભાઈ –પોલીસ પટેલ –રૂપવાડા
શ્રી ખાલપભાઇ ભગત ગામિત –પોલીસ પટેલ- દેગામાં
શ્રી ભગુભાઈ હળપતિ-ખેડૂત, વાલોડ

કાળીપરજ પરિષદ : ખાદી સ્વાલંબન, રાષ્ટ્રીય પ્રબોધન

ઈ.સ.૧૯૨૬માં પૂ.ગાંધીજીના પ્રમુખપણા હેઠળ વ્યારા તાલુકાના ખાનપુર મુકામે ત્રીજી કાળીપરજ પરિષદ હતી. આ પરિષદમાં ઠરાવો થયા. તેમાં દારૂ-તાડી છોડી પીઠાઓનો બહિષ્કાર કરવાનો, ખોટા ઘરેણાં કાઢી …નો, કુરિવાજોમાં સુધારા કરી નવા ધારાધોરણ ઘડવાના ખાસ ઠરાવો ત્યાં રેંટિયાના ગામે ગામ અને ઘરેઘરમાં કરી ખાદી સ્વાલંબન ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો. પૂ.ગાંધીજીએ આ પરિષદને સંબોધતા કરતા ઘોષિત



Scanned with CamScanner

ISSN: 2348-9456
Impact Factor: 5.880
Volume – 21 Issue – 9, Jan.--June - 2024

કર્યું કે "આ પ્રજા અત્યાર સુધી કાળીપરજને નામે ઓળખાતી હતી તે હવે રાનીપરજના નામે ઓળખાશે" રાનમાં વસે છે રાન એટલે ખેતરમાં વસનારા) માટે રાનીપરજ નામ રાખ્યું છે"૨

કાળીપરજ અને ઉજળિયાતનાં ભેદભાવ દૂર કરવા માટેની તેમજ સાથે સાથે ધર્મના ભેદભાવ છોડવાની પણ લોકોને સમાજ આપી તે જ દિવસે વનમાળીભાઈ (હિંદુ ચૌધરી)નાં જશોદાબેન (ખ્રિસ્તી ચૌધરી) સાથે લગ્ન કરાવી ભેદ ભૂંસી નાંખવાના આશીર્વચન આપ્યા. કોઈપણ દાગીના નહિ એકપણ પાઈનો ખર્ચનહિ. માત્ર બંનેએ જાતે કાંતેલી સૂતરની આંટી સામ સામે પહેરાવીને સાદી લગ્ન વિધિ કર્યો. સમાજમાં એક ઉત્તમ ઉદાહરણ સમો એ પ્રસંગ બની રહ્યો તે જ દિવસે સ્વરાજ આશ્રમ વેડછીનો પાયો ગાંધીજીનાં હાથે નંખાયો.આમ સમાજ સુધારાના કામો સર્વાંગી વિકાસની દિશામાં ચાલુ થયા. સમાજના ઉત્થાન સાથે રાષ્ટ્રીય સ્તરે પણ વિશાળ કાર્યનો પાયો નંખાયો. રાનીપરજ વિભાગના આગેવાનો ભેગા થઇ રાનીપરજની સામાજિક, આર્થિક, નૈતિક, ધાર્મિક અને કેળવણી વિષયક ઉન્નતિના પ્રયત્નો થયા. પ્રથમ ઈ.સ.૧૯૨૯માં પ્રાથમિક પગલા તરીકે લગ્નના રીત-રિવાજો સુધારવાનું અને દારૂ-તાડી જેવા વ્યસનો દૂર કરવાનું કામ હાથ ધર્યું અને તેને કલમ બદ્ધ બનાવ્યું.

રાનીપરજ પરિષદો:

આવી રાનીપરજ પરિષદો જુદા જુદા સ્થળોએ ૧૩ જેટલી થઇ. જેમાં સામાજીક સુધારા સાથે સમાજ પરિવર્તનનાં કામો સમાજ સુધારાની દિશામાં ઝડપભેર ચાલુ કરવામાં આવ્યા. આ પરિષદોમાં પૂ.કસ્તુરબા, પૂ.સરદાર સાહેબ, પૂ.ઠક્કરબાપા, શ્રી મોરારજીભાઈ દેસાઈ, શ્રી બાળાસાહેબ ખેર અને છેલ્લી પરિષદ ઉમરા મુકામે થઇ તેમાં હંસાબેન મહેતા હતા. સમાજના પ્રતિભાશાળી કવિઓએ આ રાષ્ટ્ર જાગૃતિને શબ્દાંકિત કરી મૂકી છે.

પૂ.ગાંધીજી જેવા મહાપુરૂષોનાં પગલા પડ્યાં અને તેમની અમૃતવાણીનું પાન કર્યું. કવિ શ્રી ઉકાજીભાઈએ તેને 'ગાંધી મશાલો' કહ્યો. પૂ.સરદારની વીરવાણીએ આપણા દેશના દબાયેલા ખેડૂતો અને મજૂરોમાં અપૂર્વ હિંમત અને બલિદાનની ભાવના પેદા કરી. ખરી રીતે માટીમાંથી મર્દ બન્યા. આપણી રાનીપરજ કોમે પણ પોતાની શક્તિ અનુસાર તે વાણી ઝીલી અને તેના પ્રતાપે સં ૧૯૨૮ થી ૧૯૪૨ સુધીની આઝાદીની તમામ લડતોમાં સ્વાતંત્ર્ય સેનાની બનીને કૂદી પડ્યાં, માર ખાધો, જેલ ભોગવી, ઘરબાર ઢોર ઢાંખર ગુમાવ્યા. જિંદગીની રળેલી મિલકતો ઘણાંએ ગુમાવી. શિક્ષણ અને નોકરીઓ તેમ જ ધંધા રોજગાર છોડી આઝાદી માટે ચાલી નીકળ્યાં.. તેમાં વેડછી ગામે વધારેમાં વધારે ભોગ આપ્યો. તેની નોંધ લેવી ઘટે. દરેક તાલુકામાં આવા કષ્ટ સહન કરનારાઓ તથા ભોગ આપનારા નીકળી પડ્યાં. સિંહ જેવા ભડવીર નારણજી પટેલને પણ જેલના સળિયા ભેગા કરી દેવામાં આવ્યા. આ લોકોની ત્યાગની કથા અને જીવનસમર્પણની ભાવના રાષ્ટ્રના સ્તરે પણ અંકાવી જોઈએ તેવી ઉત્કટ છે.

શ્રી કોટલા મહેતા: રાનીપરજના ગાંધી

રાનીપરજનાં તમામ લોકોને દારૂ-તાડીનાં ઇજારદારોએ તથા ધીરધાર કરનારા શાહુકારોએ અજ્ઞાનતા અને ભોળપણાનો લાભ લઇ આર્થિક રીતે પાયમાલ કરી નાખ્યાં હતા અને જમીન વગરના, સાધન વગરના લાચારીથી જીવતા કરી દીધા હતા. આવા ક્રૂર અને નિર્દય એવા જુલમમાંથી બચાવવા રાનીપરજના ગાંધી એવા શ્રી કોટલાભાઈ મહેતાએ ચાર કાયદા બનાવ્યા અને સરકારમાં પાસ કરાવવા માટે સં ૧૯૩૩-૩૪માં ૪૧ ચુનંદા આગેવાનો સાથે પગપાળા કૂચ કરી અને વડોદરાના નરેશ શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડ પાસે ગયા. રાજાએ અતિ ઉમળકાભેર એ આગેવાનોનું સ્વાગત કર્યું અને પોતાના રાજ્યના મહેમાન બનાવ્યા. રાજાએ સાથે બેસીને સમૂહ ભોજન કર્યું.

ચાર માંગણીઓ રાજા પાસે રજૂ કરી તે રાજાએ સહર્ષ સ્વીકારી લીધી. આ ચાર માંગણીઓ નીચે મુજબ હતી.

(૧) અમારી રાનીપરજ કોમને ફરજિયાત અને મફત શિક્ષણ આપો અને અજ્ઞાનતા માંથી બહાર કાઢો.

(૨) સહકારી કાયદો કરો અને શાહુકારોનાં નાગચૂડમાંથી બચાવો.



Scanned with CamScanner

આદિવાસીઓના સરદાર એવા શ્રી નારણજીભાઈ બાબરભાઈ ચૌધરી તેમને આખા આંબિયાં ગામના ખેડૂતો ને આદેશ આપ્યો કે જેની જેની પાસે ભાગે ખેડવાની જમીન હોય તેનો આજથી બહિષ્કાર કરો જ્યાં સુધી ગણોતધારો બનીને આવે તેનો અમલ થાય નહિ ત્યાં સુધી આપણે આવી જમીનો ખેડવી નથી. તે ગામના ખેડૂતોએ પટેલના આદેશ ને માથે ચઢાવ્યો અને પાંચ વર્ષ સુધી આખા ગામની જમીનો પડી રહી. આકડા અને બાવળીયા ઊગી નીકળ્યા જ્યારે રોકડ ગણોતનો પાંચ વર્ષે કાયદો અમલમાં આવ્યો ત્યારે તેમને પોતાની માલિકીની જમીનો ખેડી ખાવા માટે આપી. જમીન માલિકોને ઘર બેઠા મનીઓર્ડરથી ગણોતનાં નાંણા ચૂકવી આપવા માંડયા. પરિણામે જમિનદારોનો પગદંડો ગામમાંથી નીકળી ગયો. જે ગામમાં જમિનાદારોનો ત્રાસ વધારે હતો ત્યાં તે ગામમાં જઈને ગામ લોકોને ભેગા કરી આખા ગામનો પાક લણી ને દરેકના ઘરમાં ભરાવી આપતા એમની સામે કોઈ જમીનદાર ઉંચી આંગળી કરી શકતા નહિ.

ચોથો બનાવ:

ગામડાઓમાં જુદા-જુદા વારે જુદા-જુદા ગમે હટવાડા ભરવામાં આવતા. એ હટવાડા ઓમા વેપારીઓ દુકાનો માંડીને બસતા ત્યાં લોકો વેચવાની વસ્તુ વેચતા અને ખરીદવાનું ખરીદતા. વેપારીઓ કપાસ જુસરીએ ટોકતા અને પોટલાં તો બે હાથમાં મૂકી અંદાજે વજન કરી દેતા અને મરજીમાં આવે તે ભાવ આપી દેતા. લોકો જે ખરીદતા તેમને ખોટે કાટલે જોખી આપતા. આ પ્રમાણે રોજ રોજ ધોળે દિવસે ભયંકર લૂતાનું હંમેશા થતું. આગેવાનો પણ આવા લૂંટાણા સામે જલદ પગલા ભરતા નહિ.

એક દિવસે વ્યારા તાલુકાના પંચોલ ગામના પારસીએ પડકારીને જાહેર કર્યુ કે મારો અહીંનો હત્વાદો બંધ કરાવવાવાળો કઈ માનો જાણ્યો છે? બંધ કરવા આવી જાય. શ્રી નારણજી પટેલ ને જાન થતા પંદર ગામના ભજનમંડળી શુકવારના હતાવાદામાં ભેગા થવાનો આદેશ આપ્યો. શુકવારે વહેલી સવારે દરેક વેપારી દુકાનો માંડીને ગોઠવાય ગયા. પારસીએ પણ પોતાની દારૂ તાળીની દુકાન માંડી દિશિ આદેશ મુજબ ગામડા માંથી મંડળી પણ આવીને બેસી ગયા અને ભજનકીર્તન ચાલુ થઇ ગયા.

નારણજી પટેલ આવ્યા અને ઘોડા પરથી ઊતરી હટવાડાની વચ્ચે ઊભા રહીને કહેવા લાગ્યા. તમામ દુકાનદારોએ આ જગ્યાએથી અબ ઘડી ચાલ્યા જાઓ. આ હટવાડો બંધ કરવામાં આવ્યો છે. ગરીબ અને અભણ લોકોને તમે લૂંટવા આવ્યા છે. અમારી ગરીબ અને ભોળી પ્રજાને લૂંટાતી બચાવીએ એ અમારી ફરજ છે. જાઓ અહીંથી જલ્દી ચાલ્યા જાઓ પેલો ખાતકી આજે કેમ આવ્યો છે એને પકડો પેલા ઝાડ સાથે બાંધો આટલું બોલ્યા ત્યાં તો પારસીએ તૈયાર કરી રાખેલા ત્રીસ જુવાનિયા દારૂ પી ગાંડાતૂર બનેલા શ્રી નારણજી પટેલ પર તૂટી પડ્યા. ત્યાં તો એક જુવાન પાસેથી લાઠી ઝૂંટવી લઈને જે લાઠીના સપાટા ચલાવ્યા છે, લાઠીધારી નાસભાગ કરવા લાગ્યા, ભજન મંડળવાળાઓ પણ શેરડીના સાથા અને મંડપના વાસ લઈને વેપારીઓ પર તૂટી પડ્યા પછી ત્યાં જોવાનું શું હોય.

આવેલી જનમેદની એ કયું કે આ બધી દુકાનો લૂંટી લો જેને જે જોઈતું હોય તે લઇ જાઓ. લાઠીધારીઓને કહ્યું કે અલ્યાઓ એમને એમ કેમ નાસો છો પેલી તાળીના માટલા શું કામ મૂક્યા છે? બધાએ તાળી પી ને જાઓ. એમ કહીને નારણજી પટેલ કૂદયા અને પારસીના ઘરમાં પેથા. એક અન્દા પારસીઓને કોથળામાં પાંચ શેરી ઘાલીને જે માર પાડ્યો છે જ્યાં ત્યાં વેરવિખેર કરી નાખ્યા અને કયું કે, "જોયો કે કઈ માનો જાણ્યો તે નારણજી પટેલ ને ઓળખી લો" જેમ તેમ પડેલા તેમને પકડીને એક જગ્યાએ બેસાડ્યા અને સમજ આપી કે, "આ અમારા ગરીબ અને ભોળા લોકોને લૂંટવાનું બંધ કરો આ બધા લૂટારું વેપારીઓથી અમારી પ્રજાને બચાવીએ એ અમારી ફરજ છે સમજ્યા"૫ પારસીઓ બે હાથ જોડી પગે લાગ્યા અને માફી માંગી. હટવાડાઓના લૂંટાણા બંધ થયા કેટલાક હટવાડા પણ બંધ થઇ ગયા.

પાંચમો બનાવ:



Scanned with CamScanner

ISSN: 2348-9456
Impact Factor: 5.880

(૩) ગણોતધારો કરી આપો અને મિલકત બચાવો.

(૪) ઋણ રાહત ધારો કરી આપો અને દેવામાં ડૂબી ગયેલાઓને ઉગારો.

૧૯૦૦ થી ૧૯૫૦ દરમિયાન બનેલા મુખ્ય બનાવો:

પહેલો બનાવ:

માંડવી તાલુકાના શેરકુઈ ગામમાં એક પારસીના જુલમનો પાર ના હતો. પારસીના જુલ્મો સામે બહિષ્કાર કરવાનું કામ શ્રી ફજુભાઈ જીવણભાઈ કરી રહ્યા હતા અને લોકોને સમજાવી રહ્યા હતા. તે વિસ્તારમાં સમાજ પરિવર્તનનું કામ કરી રહ્યા હતા. દેવપૂજામાં મરઘા, બકરા કાંપી હિંસક પૂજા થતી અટકાવવા આહીંડા પર્વત પર એક સભાનું આયોજન કર્યું હતું એ નક્કી કરેલી તારીખે પંદર થી વીસ ભજન મંડળો સાથે ત્યાં ભેગા મળ્યા. દેવપૂજા માટે ગામે ગામથી ત્યાં પૂજાના સાધનો લઈને આવ્યા હતા. શ્રી ફજુભાઈએ સમાજ સુધારાની વાત શરૂ કરી ત્યાં એક લાઠીધારી જુવાનિયાઓનું ટોળું મારો મારો કરતુ ધસી આવ્યું. મંડળવાળાઓને ખૂબ માર્યા માર ખાઈને બધા રસ્તે પડી ગયા પણ શ્રી ફજુભાઈ તો ત્યાં જ બેસી રહ્યા. અને એમની વાત શરૂ કરી. "ભાઈઓ આ આપણો દેવ પવિત્ર છે. તેના ઉપર મરઘાં, બકરા કાપી હિંસાથી થતી પાપી પૂજા તમે બંધ કરો. દારૂ તાડી છોડો અને આજે હું તમને આ વાત કહેવા આવ્યો છું. આ સાચી વાત માનો નહી તો આ પારસીઓના જુલમ માંથી નહિ બચો"૩ આટલી વાત સાંભળતા જ લાઠીધારી જુવાનીયા શ્રી ફજુભાઈ ઉપર તૂટી પડ્યા અને બેભાન થઈને નીચે ગબડી પડ્યા તેમને મહેલમાં બેસાડ્યા મરઘા, બકરા કાપીને ચઢાવ્યા, દારૂ અને તાળી માથા પર રેડીને નવડાવી દીધા, સમજુ લોકોએ આવા ખરાબ વર્તનને વખોડી કાઢ્યું અને પારસીના વર્તનને ધૂતાકારવા લાગ્યા. પાછળથી આ જુવાનિયા ટોળાને પણ પસ્તાવો થયો અને તેઓ પણ ભજન મંડળમાં જોડાઈ ગયા.

બીજો બનાવ :

સોનગઢ તાલુકાના વાઝરડા ગામમાં પારસીઓએ બારેબાર ગામ ઉપર પોતાના ત્રાસનો પગદંડો જમાવ્યો હતો. આ પારસીઓનો એટલો બધો ત્રાસ હતો કે નગારા વાગે એટલે એકી સાથે દરેક ગામના લોકોએ પારસીઓના ખેતરમાં હાલ, લાકડા, ગાલ્લા, મજૂર જે સમયે જેની જરૂર હોય તે સાધનો લઈને પહોંચી જવું પડતું. એ વેથમાં નહિ જનારને મારપીટ થી માંડી ને છેડતી કરતા પણ અચકાતા નહિ. આટલી હદ સુધી તેમનો ત્રાસ હતો.

પરતું આ ત્રાસ માંથી ઉગારવા સોનગઢ તાલુકાના ઘાસિયામેધા ગામના કુનેહબાજ શ્રી વનમાળીભાઈ ટી.ચૌધરી બારેબાર ગામના તમામ લોકોનું સંગઠન કર્યું અને તેમના ત્રાસમાંથી કેવી રીતે છૂટકારો મેળવવો તેમ જ આ જુલ્મી પારસીઓ ને કેવી રીતે ઠેકાણે પાડવા તેની સમજ આપી અને કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો.

નક્કી કરેલા કાર્યક્રમ મુજબ દરેક ગામે નગારા વાગ્યા જોતા જોતામાં ચારે બાજુથી લોકોના તોળા એકત્ર થવા લાગ્યા. થોડી જ વારમાં તો પારસીઓના કમ્પાઉન્ડ ને ઘેરો ઘાલી દીધો. બધા પારસીઓને અંદર જ પકડી લીધા અને બેસુમાર મેથીપાક આપ્યો. અને તેની નેતાગીરી શ્રી વનમાળીભાઈએ સંભાળી લીધી અને પારસીઓને સંભળાવી દીધું કે, "આજથી તમારે ત્યાં અમારો એક પણ માણસ તમારી વેઠ કરવા આવશે નહિ તમારે કામ કરાવવું હોય તો પૂરી રોજી આપીને કામ કરાવી શકશો. પોતાના કામ બંધ રાખીને વેઠ તો નહિ જ પણ મજૂરી કરવા આવશે નહિ. આવો જુલમ અને દાદાગીરી બંધ યાદ રાખો" ૪ આવા સંગઠન સામે પોલીસ પણ લાચાર બની ગઈ પોલીસ આવે ત્યાં સુધીમાં તો કોઈ માણસો ત્યાં શોધ્યા જડ્યા નહિ. પોલીસ પણ લાચાર બનીને ત્યાંથી જતી રહી અને પારસીઓ પણ સમસમીને બેસી રહ્યા. તે જ દિવસથી બારેબાર ગામમાં તો શું પણ આજુબાજુના પ્રદેશમાંથી પણ જુલમ અને દાદાગીરી બંધ થઇ ગયા.

ત્રીજો બનાવ:



Scanned with CamScanner

ISSN: 2348-9456
Impact Factor: 5.880

રાનીપરના ગાંધી શ્રી કોટલા મહેતા તેમની સામે બુહારી અને તેની આજુબાજુના જમીનદારોએ મોટા પાયા પર સંગઠિત થઈને અગિયાર પઠાણોસાથે બંદૂકો લાઠીઓ લઈ ગણોતનો કાયદો નિષ્ફળ કરવા ડોલવણનાં મેદાનમાં આક્રમક હુમલો કર્યો. પરંતુ કોટલા મહેતાએ પૂર્વ યોજના મુજબ પહેલેથીજ એ હુમલાનો સામનો કરવાની પૂરી તૈયારી કરી જ રાખી હતી. ઘોડેસવારો અને સવારીઓ આવતા જોઇને નગારા વાગ્યા. નગારાના અવાજ સાંભળી લોકોના તોલા ચારે બાજુથી ઉમટી આવ્યા.

તમામ લોકો મેદાનમાં સામ સામે આવી ઉભા ત્યાં શ્રી કોટલા મહેતાએ આદેશ આપ્યો કે, "તમે સર્વે અહીંથી ચૂપ ચાપ ચાલ્યા જાઓ ગણોતનો કાયદો તો અમલ થઇ ને જ રહેશે તેમાં તમારું કઈ ચાલશે જ નહી તમારે જીવતા રહેવું હોય તો જલ્દી જતા રહો જો નહી માનશો તો આ લોકોના ઉભરાતા તોલા તમારા કાટલાં કાઢી નાખશે"ક લાઠીઓ ઘૂમવા લાગી. ચારે બાજુથી પથ્થરમારો પણ ચાલુ થઇ ગયો બધા જીવ લઈને ભાગ્યા અને બચી ગયા પણ એક હઠીલો પઠાણ પોતાની લાઠી ઘુમાવતો લોકોના તોલા ઉપર ત્રાટક્યો ત્યાં પથ્થરનો વરસાદ તૂટી પડયો અને પઠાણ હતો ના હતો થઇ ગયો, પાછળથી તે મરણ ને શરણ થયો કેસો થયા જમીનદારો ફાવ્યા નહિ પાંચ પર ગણોત થઇ ને બીસી રહેવું પડ્યું.

છઠ્ઠો બનાવ:

માંડવી તાલુકાના જમીનદારો તરફથી કારમાં જુલમ સામે મોરીઠા ગામમાં એક ઘટના બની અહીં શ્રી દેસાઈભાઈ ખા.ચૌધરી અને શ્રી મોચડાભાઈ ભગત અને બે આગેવાનોની દોરવણીથી બહેનોના એક સંગઠને જુલમી પઠાણને રાત્રે ઘરમાં પકડ્યો, બાંધ્યો. બરાબર કડકડતી ઠંડીમાં બહાર ઝાડ સાથે કસકસાવીને તાણી બાંધ્યો અને રાતભર ઠંડુ પાણી માથા પર રેડ્યા કર્યું બીજે દિવસે માંડવીથી પોલીસો આવ્યા અને છોડયો ત્યાં તો ઠંડીમાં થીજીને પતિ ગયો હતો. ત્યાર થી જમીનદારો પઠાણો રાખીને જુલમો કરવાનો ખો ભૂલી ગયા.

સંદર્ભ :

(૧) 'શ્રી ચૌધરી જ્ઞાતિ સુધારક સમાજ' સમાજસેવક-શ્રી માધુભાઈ જયસિંહ ચૌધરી પરૂં-૦૧
(૨) એજન, પરૂં -૦૪
(૩) એજન, પરૂં -૦૫
(૪) એજન, પરૂં -૦૪
(૫) એજન, પરૂં -૦૭
(૬) એજન, પરૂં -૦૭



Scanned with CamScanner